૬ જુલાઈ ૨૦૧૧ માટે

# : ધીરૂભાઈ અંબાણી :

# *પર દુ:ખે ઉપકાર કરે તો ય મન અભિમાન ન આણે રે*

*- પરિમલ નથવાણી*

*ધીરૂભાઈ અંબાણી આમ તો તેમની દૂરંદેશી, વ્યાપારી કોઠા સૂઝ અને દ્રઢ નિર્ધાર સાથેની કાર્ય કુશળતા માટે જાણીતા છે; પરંતુ તેમની નજીકનાં વર્તુળોમાં તેઓ એક ઉમદા પરોપકારી હોવાની દ્રઢ છાપ પણ છે. જે તેમને ખૂબ નજીકથી ઓળખતા તેઓ કહેતા કે ધીરૂભાઈ એક સમાંતર પરોપકારી જીવન પણ જીવતા.*

*ધીરૂભાઈ અંબાણીએ કેટલી સખાવતો કરી તે તો કદાચ કદી જાણી નહિ શકાય પરંતુ એક વાત ચોક્કસ છે કે તેઓ (અને તે રીતે કદાચ અંબાણી પરિવારમાં સૌ કોઈ) કબીરની પેલી પ્રખ્યાત ઉક્તિમાં માનનારા છે : '*नेकी कर और कुएं में डाल।*' ઘરડાંઓ કહી જ ગયાં છે ને કે જમણા હાથે શું આપીએ છીએ તેની ડાબા હાથને ખબર ન પડવી જોઈએ. આ પરંપરાગત ભારતીય મૂલ્યોની વાત છે.*

*તેમ છતાં ધીરૂભાઈ અંબાણીએ પોતાના જીવનકાળ દરમ્યાન જે સંસ્થાઓ ઊભી કરવાની રજા આપી તેમાં જ સમાજ માટે કશુંક ચિર-સ્થાયી અને સતત પ્રદાન કરતા રહેવાની તેમની નિસ્બત અને ઈરાદાઓનું પ્રતિબિંબ મળે છે. છેક જીલ્લા સ્તરના તેજસ્વી વિદ્યાર્થીઓને વીણી વીણીને તેમના ભણતરની કાળજી લેવા જેવી પ્રવૃત્તિ કરતું ધીરૂભાઈ અંબાણી ફાઉન્ડેશન કે હજારો ગામડાંઓમાં પાયાની માળખાગત સુવિધાઓ ઊભી કરવા માટે રિલાયન્સ રૂરલ ડેવલપમેન્ટ ટ્રસ્ટ, ઓબ્ઝર્વર ફાઉન્ડેશન વિગેરે સંસ્થાઓ સમાજ માટે તેમના અદ્રશ્ય પ્રદાનનાં ઉદાહરણો છે.*

*પીડિતોને અપાતી રાહત એટલે સખાવત અથવા ચેરિટી. સમાજની સમસ્યાને હલ કરી તેને મૂળમાંથી દૂર કરવાની ઝંખના એટલે પરોપકાર અથવા તો ફિલૅન્ટ્રોપી એવી સાદી સમજ આપણને છે. આ પ્રકારનો પરોપકાર ધીરૂભાઈ અંબાણીના હૈયે વસ્યો હતો તે તો નિર્વિવાદ છે; કારણ કે વર્ષ ૧૯૯૫થી વર્ષ ૨૦૦૨ના આજના દિવસે જ્યારે તેમણે અંતિમ શ્વાસ લીધા ત્યાં સુધીનો તો હું સાક્ષી છું. ૧૯૯૮માં જામનગરમાં આવેલા વાવાઝોડા વખતે અને ૨૦૦૧ના કચ્છના ધરતીકંપ વખતે પીડિતો માટે જે પ્રકારની સમવેદના તેમણે વ્યક્ત કરી હતી તે બેમિસાલ*

*છે. ૧૯૯૯, ૨૦૦૦, ૨૦૦૧ વિગેરે અછત અને પાણીના અભાવનાં વર્ષો દરમ્યાન પોતાના કર્મચારીઓને પાણીના વપરાશમાં સંયમ રાખવાનું જણાવી ૩૦ કિલોમીટર દૂર જામનગર શહેરને પાણી પૂરૂં પાડવાની, તે માટે ખાસ પાઈપ લાઈન બિછાવવાની અને ક્લોરીનેશન વિગેરે વ્યવસ્થા તત્કાળ ઊભી કરવાના આદેશો જે ઉદારતાથી તેઓ આપતા તેનું ભારતીય ઉદ્યોગપતિઓની પરોપકારવૃત્તિના ઈતિહાસમાં આગવું સ્થાન રહેશે.*

*૧૯૯૫માં જે દિવસે તેમણે રિફાઈનરી સંકુલ ઊભું કરવાનો નિર્ણય કર્યો તે જ દિવસથી સંકુલની આજુબાજુનાં ૧૪ ગામોની ગાયોનો નિભાવ તેમણે માથે લીધો. તેઓ જાણતા હતા કે અર્ધ મરૂ-ભૂમિ સમાન જામનગર જીલ્લાના આ ગ્રામજનોને તેમની ગાયો કેટલી વહાલી હોય છે. જામનગર સંકુલની આસપાસનાં ગામોમાં ગ્રામ વિકાસ પ્રવૃત્તિઓ, દ્વારકામાં યાત્રાળુઓ માટેની વિવિધ સુવિધાઓ વિગેરે કામગીરીનાં મૂળમાં ધીરૂભાઈ અંબાણી છે; અને તે કામગીરી હાલ એટલી જ નિષ્ઠાપૂર્ણ રીતે મૂકેશભાઈ અંબાણીના વિનમ્ર પ્રદાનથી આગળ ધપી રહી છે.*

*'બ્રહ્માંડમાં ચક્રવૃદ્ધિ વ્યાજ જેવું સશક્ત પરિબળ અન્ય નથી' તેવું આલ્બર્ટ આઈન્સ્ટાઈને જ્યારે કહ્યું ત્યારે તેમના મનમાં શું હશે તે તો આપણે નથી જાણતા. પરંતુ એક વેપારીને તો ચક્રવૃદ્ધિ વ્યાજ સાદા વ્યાજ કે મુદ્દલ કરતાં વધુ વહાલું જ હોય. ધીરૂભાઈ અંબાણીની પરોપકારિતાના સંદર્ભમાં જોઈએ તો તેમના નામે સ્થપાયેલા ફાઉન્ડેશન દ્વારા કરાતા ઉદાત્ત પ્રયાસો અને તેને પરિણામે આવતો સામાજીક બદલાવ એ જ ચક્રવૃદ્ધિ વ્યાજ છે.*

*ધીરૂભાઈએ અલબત્ત સખાવતો અને પરોપકારોનો ધોધ વહાવ્યો પરંતુ તેમણે જાતે કદી એવી બડાશો નથી મારી કે 'મેં આ કર્યું અને મેં તે કરી નાંખ્યું.' જ્યોર્જ ઈલિયટના શબ્દોમાં જો તેમને મૂલવીએ તો એવું કહી શકાય કે : 'જેને કાંઈ કહેવું નહોતું અને તથ્યની શાબ્દિક સાબિતીથી અળગા રહેવું હતું તે જ વ્યક્તિ આશીર્વાદ-પ્રાપ્ત છે.' નરસિંહ મહેતાની વ્યાખ્યા આવી પણ હોય : 'પર દુઃખે ઉપકાર કરે તો ય મન અભિમાન ન આણે રે...'*

**(શ્રી પરિમલ નથવાણી રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના ગ્રુપ પ્રેસિડેન્ટ છે તથા રાજ્ય સભા સાંસદ છે.)**

★ ★ ★